# ડેમ પર દરવાજા મુકવાની મંજુરીથી રાજ્યમાં આનંદ

## ગુજરાતને થતા અન્યાયને નિવારવાનું વચન પળાયું : આનંદીબેને સરદાર સરોવર બંધ પર દરવાજા નિર્માણના કામનો કરાવ્યો પ્રારંભ : વડાપ્રધાનનો પણ આભાર માન્યો



ગાંધીનગર, તા.૧૨

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમ પર દરવાજાનું નિર્માણ કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલી પરવાનગીને વધાવી લેતા આ ઐતિહાસિક નિર્ણય ગુજરાતની ઔદ્યોગિક, કૃષિ તથા સામાજિક સમુત્ક્રાંતિ માટે નૂતન સીમાચિન્હનો સ્થાપિત કરવાનો બની રહેશે, તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ગુજરાતના વિકાસને અભૂતપૂર્વ ગતિ આપનારો આ નિર્ણય લેવા માટે હૃદયપૂર્વક આભાર માનતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે તેમણે ગુજરાતને થઈ રહેલો અન્યાય નિવારવાનું વચન ખૂબ જ શીઘ્રતાથી પાળ્યું છે, તે માટે સમગ્ર ગુજરાતની પ્રજા તેમની ઋણી રહેશે.

આજે નર્મદા કંટ્રોલ ઓથોરીટીની બેઠકમાં લેવાયેલા આ નિર્ણયને વધાવી લેવા જૂનાગઢ ખાતેના કન્યા કેળવણી શાળા પ્રવેશોત્સવ અભિયાનમાંથી સીધા જ સરદાર સરોવર ડેમ પર આવી પહોંચેલા મુખ્યમંત્રીએ જણાવ્યું કે છેલ્લા આઠ-આઠ વરસથી ગુજરાતની જનતા જેનો આતુરતાપૂર્વક ઈન્તજાર કરતી હતી, તેનું ગુજરાતના સપૂત નરેન્દ્ર મોદીએ વડાપ્રધાનપદનો અખત્યાર સંભાળ્યાના પખવાડિયામાં જ સકારાત્મક નિરાકરણ લાવીને રાજ્યના વિકાસમાં એક ક્રાંતિકારી પગલું લીધું છે. તેમણે કહ્યું હતું કે આ બહુહેતુક યોજના પર ત્રીસ દરવાજાના નિર્માણ થકી કૃષિક્ષેત્રે અદભૂત ક્રાંતિ સર્જાશે, વિપુલ માત્રામાં પાણી ઉપલબ્ધ થવાથી ઉદ્યોગોને પણ વિકાસવાની ભરપૂર તકો પ્રાપ્ત થશે, પશુપાલનક્ષેત્રે પણ જબરૂં પરિવર્તન આવશે અને ગામેગામ ૨૪ કલાક વીજ પુરવઠો પ્રાપ્ત થવાથી ગામડાના બાળકોને ઉચ્ચત્તમ શિક્ષણ હાંસલ કરવાનો અવસર પ્રાપ્ત થશે. વિપુલ માત્રામાં વીજ ઉત્પાદનનો લાભ દેશના અન્ય રાજ્યોને પણ મળશે. આનંદીબેને જણાવ્યું કે, અગાઉ યુપીએની કેન્દ્ર સરકારે આ નિર્ણય લેવામાં કરેલા વિલંબને કારણે દરરોજનું લગભગ રૂપિયા એક કરોડનું નુકશાન આપણે ભોગવવું પડ્યું છે અને રૂા. ૨૫ હજાર કરોડની આ યોજના ક્રમશઃ વધતા વધતા રૂા. ૪૦ હજાર કરોડની થઈ ગઈ છે. આવતા ત્રણ વર્ષોમાં આ દરવાજાના નિર્માણ થકી ગુજરાત તથા રાજ્યોમાં પણ કૃષિ તથા વીજક્ષેત્રે વિકાસના નૂતન આયામો પ્રસ્થાપિત થશે.

ગુજરાત માટે આજે સારા દિવસોની શરૂઆત થઈ ગઈ છે તેવા લાગણીસભર શબ્દો સાથે તેમણે જણાવ્યું હતું કે, ગુજરાત માટે આનંદ, ગૌરવ અને હરખનો દિવસ છે. દરવાજા મુકાવાના લીધે નર્મદા બંધની જળસંગ્રહ ક્ષમતામાં ચાર ગણો વધારો થશે. દરવાજાના નિર્માણ થકી સાડા છ લાખ હેક્ટર જમીનમાં પાણી ઉપલબ્ધ કરાવી શકાશે અને નર્મદા યોજનાને પૂર્ણ કરવા સરકાર તમામ પગલાં લેશે, તેવી ખાતરી તેમણે આપી. એક દરવાજાનું નિર્માણ થતાં લગભગ એક મહિનાનો સમય લાગે અને તે હિસાબે ૩૦ ગેટ્સ મુકવા સહિતની કામગીરી આગામી ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાની અને તેની સાથે બાકીની કેનાલોનું નિર્માણ કરવાની રાજ્યની સુસજ્જતાની તેમણે માહિતી આપી હતી.

## વડીલોને વંદન અભિનંદન



શશીકાન્ત કાન્તીલાલ શાહ
(૧૯૫૨) ૨૩૨૨૬૦૨૩

## આજે સે. ૩-સીમાં આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૧૨

મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો આજરોજ શુક્રવાર બપોરે ૨.૩૦થી ૫.૩૦ સુધી શક્તિચોક મંદિર, સેક્ટર-૩-સી ખાતે યોજાશે. આનંદના ગરબામાં ભાવિભક્તોને દર્શનનો લાભ લેવા જણાવ્યું છે.

## સે. ૧૧માં સ્વાસ્થ્યને લગતી શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૧૨

આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગર દ્વારા નગરના નાગરિકો માટે એક્સલ કોર્ષ અને યસ કોર્સનું આયોજન કરવામાં આવ્યું છે. આ કોર્ષ તા. ૧૭ થી ૨૨ જૂન દરમિયાન મેઘમલ્હાર કોમ્પલેક્ષ, સેક્ટર-૧૧ ખાતે સાંજે ૫ થી ૧૦ સુધી યોજવામાં આવશે.

આ શિબિરમાં ચીલ્ડ્રન ક્રિયા/સુદર્શન ક્રિયા, પ્રાણાયામ, યોગાસન, સરળ ધ્યાન, સારી ખરાબ આદતોની ચર્ચાઓ, શ્વાસોશ્વાસની ક્રિયાઓ, જવાબદારીને સમજવાની જાગૃતિ, રમતગમત જેવા પાસાઓ દ્વારા ભણતર અને જીવનનો સુમેળ સાધવાનો સમાવેશ કરવામાં આવેલ છે. આ શિબિર થકી આત્મવિશ્વાસ, યાદશક્તિ, ગ્રહણશક્તિ, માનસિક શાંતિ, એકાગ્રતા, તંદુરસ્તી, આંતરિક વિકાસ અને વક્તૃત્વ શક્તિ ખીલે છે. આ શિબિરનો મુખ્ય હેતુ આજના બાળકો ગુસ્સો, ડર, ઈર્ષ્યા, શરમ, નિરાશા, અણગમો, જીદ્દીપણા જેવી નકારાત્મક લાગણીઓથી મુક્ત થઈ વિશ્વ સ્તરે આગળ વધી શકે અને તણાવ રહિત રહે તે છે. વધુ માહિતી અથવા રજીસ્ટ્રેશન માટે સુરેશભાઈ પરમાર-૯૪૨૬૩૦૦૩૦૩ અથવા કુસુમબેન જોષી-૯૮૨૫૯૦૪૪૬૧ નો સંપર્ક કરવો.

# સૌરભ પટેલની પેટ્રોલિયમ મંત્રી સાથે દિલ્હીમાં મંત્રણા

ગાંધીનગર, તા.૧૨

ઊર્જામંત્રી સૌરભ પટેલે નવી દિલ્હીમાં પેટ્રોલિયમ અને કુદરતી ગેસ બાબતોના કેન્દ્રીય રાજ્યમંત્રી ધર્મેન્દ્ર પ્રધાન સમક્ષ ગુજરાતને ક્રુડ ઓઈલ રોયલ્ટીના અંદાજે રૂા. ૧૦ હજાર કરોડ સત્વરે ચુકવવા ઓએનજીસીને સુચના કરવા રજુઆત કરી છે. ગુજરાતના ઊર્જામંત્રીએ આ સંદર્ભમાં આજે કેન્દ્રીય રાજ્યમંત્રી ધર્મેન્દ્ર પ્રદાન સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં ઓએનજીસી તથા પેટ્રોકેમિકલ્સ વિભાગના વરિષ્ઠ સચ્વે અધિકારીઓ તથા ગુજરાતના ઊર્જા વિભાગના અધિક મુખ્ય સચિવ પાંડિયન ઉપસ્થિત રહ્યા હતા.

સૌરભ પટેલે કેન્દ્રીય મંત્રીને કોંગ્રેસની યુપીએ સરકારે ગુજરાતને ક્રૂડ ઓઈલ રોયલ્ટી ચુકવણી મામલે કરેલા અન્યાયની વિગતો બેઠક દરમ્યાન આપી હતી. આ સંદર્ભમાં તેમણે ગુજરાતની વડી અદાલતના ગુજરાત સરકારની તરફેણમાં આવેલા ન્યાયિક ચુકાદાની ભૂમિકા આપતાં કહ્યું કે, ગુજરાતની વડી અદાલતે કેન્દ્ર સરકારના સાહસ ઓએનજીસીને ગુજરાત રાજ્યને એપ્રિલ-૨૦૦૮થી બજાર કિંમતે ક્રુડ ઓઈલ રોયલ્ટી ચુકવવાના આદેશ કર્યા હતા. આ આદેશનું પાલન ઓએનજીસીને બે મહિનાની સમયાવધિમાં કરવાનો પણ રાજ્યની વડી અદાલતે નિર્દેશ આપ્યો હતો.

ઊર્જામંત્રીએ કેન્દ્રીય મંત્રીને એમ પણ જણાવ્યું કે રાજ્યમાંથી મળતી ક્રુડ ઓઈલ સહિતની ખનિજ પેદાશો ઉપર રોયલ્ટી રાજ્ય સરકારને ચુવકણીની કેન્દ્રીય નીતિ અમલમાં છે. સામાન્યતઃ આ રોયલ્ટીની ચુકવણી ક્રુડ ઓઈલની બજાર કિંમતે કરવામાં આવે છે પરંતુ ભારત સરકારના સાહસ ઓએનજીસીએ તત્કાલીક યુપીએની કેન્દ્ર સરકારના આદેશ અનુસાર એપ્રિલ-૨૦૦૮થી ગુજરાતને વળતર બાદ કિંમતે રોયલ્ટી ચુકવી હતી.

# સર્કીટહાઉસ અમદાવાદ ખાતે દલિત સેનાની બેઠક મળશે

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત પ્રદેશ દલિત સેના દ્વારા કેન્દ્રિયમંત્રી રામવિલાસ પાસવાનનો સન્માન સમારોહ સર્કીટહાઉસ અમદાવાદ ખાતે યોજવામાં આવશે.

ગુજરાત પ્રદેશ દલિત સેનાના સંગઠનને મજબુત કરવા તા. ૧૪ જૂન શનિવારના રોજ સવારે ૧૧.૦૦ વાગે બેઠક યોજવામાં આવશે. આ બેઠક લોજપાના પ્રદેશ પ્રમુખ મુકેશ ગુર્જરના અધ્યક્ષ સ્થાને યોજાશે. કેન્દ્રિય ખાદ્યમંત્રી અને નાગરિક પુરવઠા મંત્રી રામવિલાસનનું સન્માન કરવામાં આવશે. ત્યારબાદ સંગઠનને મજબુત કરવા માટેની યોજના ઘડવામાં આવશે. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લાના મહિલા સહિતના તમામ પદાધિકારીઓને ઉપસ્થિત રહેવા જિલ્લા પ્રમુખ બાબુભાઈ મેસરવાલા અને શહેર પ્રમુખ જયંતિભાઈએ જણાવ્યું છે.

## અખિલ ગુજરાત મહિલા સમાજની બેઠક

ગાંધીનગર, તા.૧૨

અખિલ ગુજરાત વિકાસશીલ મહિલા સેવા સમાજ ગાંધીનગરની ચોથા વર્ષની વાર્ષિક સાધારણ સભા તા. ૧૫ જૂન, રવિવાર સાંજે ૪.૦૦ વાગે મહિલા ટ્રસ્ટ ઓફિસ પ્લોટ નં. ૧૭૫૭/૨, સેકટર-૨-ડી સ્વામિનારાયણ મંદિર પાસે યોજવામાં આવશે. આ સભામાં સર્વે આજીવન સભાસદોને સમયસર ઉપસ્થિત રહેવા પ્રમુખ ગોમતીબેન પરમારે જણાવ્યું છે.

## આજે અમદાવાદમાં રથયાત્રા પૂર્વેનો જળયાત્રા મહોત્સવ

ગાંધીનગર, તા. ૧૨

અમદાવાદમાંનિકળતી ભગવાન જગન્નાથજીની ૧૩૭મી રથયાત્રાની તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. રથયાત્રા પૂર્વે ભગવાન જગન્નાથજીની જળયાત્રા મહોત્સવ ધામધૂમપૂર્વક મનાવવામાં આવશે. ભગવાન જગન્નાથજીની જળયાત્રા આજે યોજવામાં આવશે. વિધિ મુજબ રથયાત્રા પૂર્વે ભગવાનની જળયાત્રા કાઢવામાં આવે છે. આજે સવારે ૮.૦૦ વાગે જગન્નાથ મંદિરેથી શોભાયાત્રા કાઢવામાં આવશે. જે સાબરમતી કિનારે આવેલ સોમનાથ ભુદર આરે પહોંચશે.

ગંગાપૂજન કરી ૧૦૮ કળશમાં નદીમાંથી જળ ભરવામાં આવશે. આ જળને ભગવાનની ષોડસોપચાર વિધિમાં જલાભિષેક કરવામાં આવશે. આ વિધિ બાદ ભગવાનને ધારણ કરાવેલ ગણવેશ શણગારના દર્શન કરાવવામાં આવશે. ત્યાર બાદ ભગવાન મામાના ઘરે જવા પ્રસ્થાન કરશે. આ જળયાત્રામાં મુખ્ય અતિથિ તરીકે પૂર્વ સાંસદ સુરેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. તેમજ શેઠશ્રી ચંદુભાઈ પ્રજાપતિ પ્રમુખ વરિયા પ્રજાપતિ સમાજ, શેઠ મુરલીભાઈ જયભોલે પ્રોજેક્ટ, શેઠ ઉદયભાઈ ભટ્ટ, ગેલેક્ષીગૃપ ઓફ કંપનીઝ, શેઠ અમરતભાઈ પટેલ પોપ્યુલર બિલ્ડર્સ મહોત્સવના યજમાન તરીકે ઉપસ્થિત રહેશે.



કન્યા કેળવણી મહોત્સવ અને શાળા -વેશોત્સવ -સંગે આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા વાહનવ્યવહાર રાજયમંત્રી શ્રી શંકરભાઈ ચૌધરીએ બનાસકાંઠા જિલ્લાના વાવ તાલુકાના રાધાનેસડા અને ચંદનગઢ ગામોની -નથમિક શાળાઓમાં બાળકોને ધો. ૧ માં -વેશ અપાવી ઉજ્જવળ અને સુખમય ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી. શાળા -વેશોત્સવ -સંગે દરેક ગામમાં ઉત્સાહ અને હર્ષનો માહોલ સર્જાય છે. આવા આનંદભર્યા માહોલમાં મંત્રીશ્રી ચૌધરીના હસ્તે બાળકોને કુમકુમ તિલક કરી, મોં મીઠુ કરાવીને શાળામાં -વેશ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમ બાદ મંત્રીશ્રીએ રાધાનેસડા અને લીમડાબેટ બી.એસ.અફ.કેમ્પની સૌજન્ય મુલાકાત લીધી હતી.

## પૂર્વ કેન્દ્રીય મંત્રી ડૉ. વલ્લભભાઈના માતૃશ્રીનું નિધન

ગાંધીનગર, તા.૧૨

પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ગૌસેવાના અધ્યક્ષ ડૉ. વલ્લભભાઈ કથીરિયાના માતૃશ્રી રંભાબેનનું ગત બુધવારના રોજ નિધન થવા પામ્યું છે. સ્વર્ગસ્થનું બેસણું પ્રાર્થના સભા આજરોજ શુક્રવાર સાંજે ૫-૦૦ થી ૭-૦૦ કલાક સુધી રાષ્ટ્રીય શાળા મધ્યસ્થ ખંડ રાજકોટ ખાતે યોજાશે તેમજ તા. ૧૪ જૂનના રોજ શનિવાર સાંજે ૫-૦૦ થી ૭-૦૦ સુધી ભગવાનજીભાઈ ભીખાભાઈ કથીરિયાના નિવાસ સ્થાન ખીરસરા તા. જેતપુર ખાતે યોજવામાં આવશે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર

## સમૃદ્ધિના દ્વાર ખૂલ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી હતી પરંતુ આ માંગ પુરી થઈ નહતી. બે દિવસ પહેલા જ ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. એ મુલાકાત દરમિયાન આનંદીબેને આ માંગણીનું પુનરાવર્તન કર્યું હતું બે દિવસની અંદર જ સરકારે આ માંગણી સ્વીકારીને નર્મદા બંધની ઉંચાઈ વધારવાને લીલીઝંડી આપી દીધી છે. ગુજરાતના અનેક સામાજિક સંગઠનોએ આનો વિરોધ કર્યો હતો નર્મદા બચાવ આંદોલન સંગઠનના બેનર હેઠળ એક દિવસ પહેલા જ આદિવાસીઓના એક પ્રતિનિધિમંડળે સરકારી અધિકારીઓ સાથે વાતચીત કરી હતી અને ઉંચાઈ વધારતા પહેલા અસરગ્રસ્ત વિસ્તારોના પુનઃવસવાટના કામને પૂર્ણ કરવાની માંગ કરી હતી. મહારાષ્ટ્ર, ગુજરાત અને મધ્યપ્રદેશમાં કુલ મળીને આશરે અઢી લાખ લોકોને આના લીધે અસર થનાર છે. આજે યોજાયેલી બેઠકમાં ટોચના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં સામેલ થવા માટે રાજ્યના મુખ્ય સચિવ વરેશસિંહા, નર્મદા નિગમના ચેરમેન જેએનસી અને અન્યો પણ પહોંચ્યા હતા. ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના ગાળા દરમિયાન નરેન્દ્ર મોદીએ હંમેશા આ મુદ્દા ઉપર કોંગ્રેસની ઝાટકણી કાઢી હતી.

હવે કેન્દ્રમાં ભાજપની સરકાર છે અને વડાપ્રધાન તરીકે મોદી પોતે છે જેથી નિર્ણય ગુજરાતની તરફેણમાં થવાની બાબત નિશ્ચિત દેખાઈ રહી હતી. ૨૦૦૬માં એનસીએ દ્વારા બંધની ઉંચાઈને ૧૨૧.૯૨ મીટર સુધી લઈ જવાને મંજુરી આપી હતી. સરકારી અધિકારીઓનું કહેવું છે કે, ૧૩૮.૬૮ મીટરની સંપૂર્ણ સપાટીથી વધારાના વિસ્તારમાં સિંચાઈને ફાયદો મળશે. ઉપરાંત ૪૦ ટકા વિજળી ઉત્પાદન થશે. વધારાનો પાણી પુરવઠો મળશે. નર્મદાબંધની ઉંચાઈ ૧૩૮.૬૮ મીટર સુધી લઈ જવાની પ્રક્રિયા એક વખતે શરૂ થયા બાદ આને પૂર્ણ કરવામાં ૩૬થી ૪૦ મહીના લાગશે. ગુજરાત સરકાર અને ભાજપ ટૂંકમાં જ આની ઉજવણી કરે તેવી શક્યતા પણ દેખાઈ રહી છે. મોદી પણ આ ઉજવણીમાં ભાગ લે તેમ માનવામાં આવી રહ્યું છે.

## સુધારા જાહેર નિવિદા

ગાંધીનગર જિલ્લા પંચાયતના ઉપયોગ સારૂ તા. ૧૨/૬/૨૦૧૪ના રોજ પાના નં.-૧૧ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેર નિવિદાથી સંબંધિત વેપારીઓ પાસેથી સને-૨૦૧૪-૨૦૧૫ના નાણાંકીય વર્ષ માટે (૧) છાપકામ માટે અંદાજિત રૂ. ૬,૫૦,૦૦૦/-થી વધુ માટે છાપકામના ટેન્ડર માટે બાનાની રકમ રૂ. ૧૨૫૦૦/- દર્શાવેલ છે તે સુધારી છાપકામ માટે અંદાજિત રૂ. ૩,૫૦,૦૦૦/- થી વધુ માટે બાનાની રકમ રૂ. ૭૦૦૦/- વાંચવાની રહેશે. તે સિવાયની તમામ વિગત યથાવત રહેશે.

સહી/-
હિસાબી અધિકારી
જિલ્લા પંચાયત, ગાંધીનગર

માહિતી/૩૫૩/૧૪-૧૫

## સ્વજલધારા કાર્યક્રમ
### પાણી સમિતિ - જેગોલ, તાલુકો-દાંતીવાડા

જેગોલ મુકામે સ્વજલધારા યોજના હેઠળ નીચે મુજબના કામો માટેના ભાવો માન્ય કોન્ટ્રાક્ટરો પાસેથી માંગવામાં આવે છે. કામની કુલ અંદાજીત કામની સામે દર્શાવેલ છે. કોરા ટેન્ડરો ગ્રામ્ય પાણી સમિતિ જેગોલ દ્વારા તા. ૧૮-૬-૨૦૧૪ સુધીમાં જરૂરી ટેન્ડર ફી, રજીસ્ટ્રેશન નકલ, રાષ્ટ્રીયકૃત બેંકનું સોલવંશી પ્રમાણપત્ર આપવાથી ઈસ્યુ કરવામાં આવશે અને ભાવ ભરી રજી.પો.એ.ડી.થી તા. ૨૪-૬-૨૦૧૪ સુધીમાં પાણી સમિતિ-જેગોલ તાલુકો દાંતીવાડાને પરત મોકલવાના રહેશે. માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com

| અ. નં. કામનું નામ | ૧) અંદાજીત રકમ<br>૨) ટેન્ડર ફી રૂ.<br>૩) શ્રેણી |
|---|---|
| ૧. જેગોલ તાલુકો : દાંતીવાડા સ્વજલધારા યોજના હેઠળ પાઈપલાઈનનું કામ. | ૧) રૂ. ૭,૨૦,૫૨૭.૦૦<br>૨) રૂ. ૬૦૦.૦૦<br>૩) ઈ-૧ કલાક તથા ઉપર |

ક્રમાંકઃનામાનિ/પાલન/૮૦/૨૦૧૪-૨૦૧૫

## ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડ
(ગુજરાત સરકારનું સાહસ)

રજી. કચેરી : બીજ ભવન, સેક્ટર નં.૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
પ્રોડક્શન વિભાગ : ૨૩૨૫૬૬૯૪, ૨૩૨૫૬૬૯૫, ૨૩૨૫૬૬૯૬
Website : www.agri.gujarat.gov.in

### એક ટાટા ઈન્ડીગો ડીઝલ એ.સી. કાર, એક ટાટા ઈન્ડીકા એ.સી. કાર તથા એક બોલેરો જીપ નોન એ.સી. ડીઝલ વાહન ડ્રાઈવર સહિત કુલ ત્રણ ભાડે રાખવા અંગે

નિગમને એક ટાટા ઈન્ડીગો ડીઝલ એ.સી., એક ઈન્ડીકા ડીઝલ એસી તથા એક બોલેરો જીપ નોન એ.સી. ટેક્ષી પાસીંગ વાહન ડ્રાઈવર સહિત ભાડે રાખવા સારી કન્ડીશનવાળા જીપ વાહન નંગ-૩ અંદાજે એક વર્ષ માટે ભાડે રાખવાના છે. આ વાહન ભાડે આપવા માટે રસ ધરાવતી સ્થાનિક ગાંધીનગર ખાતેની એજન્સી/પાર્ટીઓએ વાહન ભાડે આપવા માટે નિગમની ટેન્ડરની શરતો તથા ફોર્મ કચેરીના કામકાજના ચાલુ દિવસોમાં સમય : ૧૧.૦૦ થી ૧૬.૦૦ કલાક સુધીમાં નિગમની વડી કચેરી સેક્ટર નં.૧૦/એ, ગાંધીનગર ખાતે ફક્ત રૂબરૂમાં ટેન્ડર ફોર્મ ફી રૂ. ૧૦૦/- (સો પુરા) (નોન રીફંડેબલ) રોકડમાં ભરી તા. ૨૦/૬/૨૦૧૪ સુધીમાં મેળવી લેવાના રહેશે. ભરેલ ટેન્ડરના સીલબંધ કવર ફક્ત રજીસ્ટર એ.ડી.થી ઉપરોક્ત સરનામે છેલ્લી તા. ૨૭/૬/૨૦૧૪ સમય-૧૭.૦૦ કલાક સુધીમાં સ્વીકારવામાં આવશે જે તા. ૨૮/૬/૨૦૧૪ના રોજ સમય-૧૨.૦૦ કલાકે હાજર રહેલ ટેન્ડરરોની હાજરીમાં ખોલવામાં આવશે.

સહી/-
(બી. એમ. મોદી)
મેનેજીંગ ડીરેક્ટર

## શબ્દાવલી - ૫૪૧૭

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ■ | ૩ | | ૪ | ૫ |
| ૬ | | ■ | ૭ | | ■ | ૮ | |
| | ■ | ૯ | | | ■ | ■ | |
| ■ | ૧૦ | | | ■ | ૧૧ | | |
| ૧૨ | | | ■ | ■ | | ■ | ■ |
| | ■ | ■ | ૧૩ | ૧૪ | | ૧૫ | ■ |
| ૧૬ | ૧૭ | | | | ■ | ૧૮ | |
| ૧૯ | | ■ | ૨૦ | | | | ■ |

### આડી ચાવી

૧. ટાંકવાનું ઓજાર, ફરશી (૩)
૩. રબ, અલ્લાહ, ઇશ્વર (૪)
૬. ટીપણું, પીપડું (૨)
૭. મજા, ગેલ, ગમ્મત (૨)
૮. એક જંતુ (૨)
૯. છુટાછેડા (૩)
૧૦. એક દેવી, જગદંબાનું રૂપ (૩)
૧૧. હેડીંગ, સૌથી ઉપર લખાય તે (૩)
૧૨. નાટક, રંગલા-રંગલીની... (૩)
૧૩. કકળાટ, બકબક (૪)
૧૬. થાપણ મુકનાર (૫)
૧૮. પાછળથી, થોડીવાર રહીને (૨)
૧૯. લડાઇનું પ્રાચીન વાહન (૨)
૨૦. પારણા જેવી ડોલીમાં બેસી ગોળ ફરવાનો ફાળકો (૪)

### ઊભી ચાવી

૧. પગ, ચરણ (તુચ્છકારમાં) (૩)
૨. પ્યાલો, ... રકાબી (૨)
૩. એકાદ શબ્દ પણ કાને પડવો એક... ભી નહીં પડની ચાહિયે (૩)
૪. સુંદર સ્ત્રી, લક્ષ્મી (૨)
૫. નખરાવાળું (૪)
૭. ... ઢીંકડી-પુંછડી... (૩)
૯. કમબખ્તી, આફત (૩)
૧૦. ભમર, ગુસ્સા કે રોષમાં... ઉપર ચડે (૨)
૧૧. અલક..., મુલક (૩)
૧૨. પતિ, સ્વામિ (૪)
૧૩. ક્વચિત, ચોક્કસ નહિં (૩)
૧૪. પક્ષીઓની અધાર (૩)
૧૫. ચાલાક, ત્વરીત ગતિવાળુ (૩)
૧૭. રસ્તો, કેડી (૨)

### શબ્દાવલી ૫૪૧૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) બેપરવા (૫) વિજય (૮) ગુલતાન (૯) કાગજ (૧૦) થર (૧૧) હજ (૧૩) છુપા (૧૪) જાન (૧૫) લક (૧૭) ટકો (૧૮) મંજીરા (૧૯) એક (૨૧) દિરામ (૨૨) ઝાટકણી (૨૪) તમાલપત્ર

**ઊભી ચાવી :-** (૧) બેગુનાહ (૨) પલ (૩) રતાળુ (૪) વાન (૫) વિકાર (૬) જગ (૭) યજમાન (૧૦) થપાટ (૧૨) જલજીરા (૧૬) કરામત (૧૮) મંદિર (૧૯) એકત્ર (૨૦) કણી (૨૨) ઝાલ (૨૩) ટપ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ